# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ ❀ અંક-૧૨ ❀ ઓગસ્ટ, ૨૦૧૨



જેમ આત્મસ્વભાવ જેને પૂર્ણ પ્રગટ પરિણમી ગયો છે એવા ભગવાન ભવિષ્યની બધી પર્યાયને જાણે છે તેમ આ જીવમાં બધા દ્રવ્યની બધી પર્યાયને એક સમયમાં જાણવાનું સામર્થ્ય છે પણ આવા સામર્થ્યનો ભરોંસો ક્યારે આવે? કે જ્યારે જીવને પર્યાયદૃષ્ટિ છૂટી, નિમિત્તદૃષ્ટિ છૂટી, રાગદૃષ્ટિ છૂટી, ત્રિકાળી જ્ઞાયકસ્વભાવની દૃષ્ટિ થાય ત્યારે એ ક્રમબદ્ધ થતી પર્યાયનો કર્તા ન થતાં જાણનાર રહે ત્યારે જેમ સર્વજ્ઞ જ્ઞાતા-દૃષ્ટા થઈને રહે છે તેમ આ પણ જ્ઞાતા-દૃષ્ટા થઈને રહે ત્યારે તેને ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થયો કહેવાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જે ધૈર્ય ધારણ કરનાર છે, સંસાર—સમુદ્રને તરનાર છે, સર્વ પ્રકારના ભયોનો નાશ કરનાર છે, મહાયોદ્ધા સમાન ધર્મમાં ઉત્સાહી રહે છે, વિષય-વાસનાઓને બાળી નાખે છે, આત્મહિતનું ચિંતવન કર્યા કરે છે, સુખ-શાંતિની ચાલ ચાલે છે, સદ્ગુણોના પ્રકાશથી ઝગમગે છે, આત્મસ્વરૂપમાં રુચિ રાખે છે, બધા નયોનું રહસ્ય જાણે છે, એવા ક્ષમાશીલ છે કે બધાનાં નાનાભાઈ બનીને રહે છે અથવા તેમની સારી-નરસી વાતો સહન કરે છે, હૃદયની કુટિલતા છોડીને સરળ ચિત્તવાળા થયા છે, દુઃખ—સંતાપના માર્ગે ચાલતા નથી, આત્મસ્વરૂપમાં વિશ્રામ કર્યા કરે છે—એવા મહાનુભવ જ્ઞાની કહેવાય છે. ૧૨૮૬. *(શ્રી બનારસીદાસજી, નાટક—સમયસાર, મોક્ષદ્વાર, પદ—૪૬)*

❀ જૈસે તારકાઓંકે સમૂહમેં ચંદ્રમા અધિક હૈ ઔર મૃગકુલ અર્થાત્ પશુઓંકે સમૂહમેં મૃગરાજ (સિંહ) અધિક હૈ, વૈસે હી ઋષિ (મુનિ) ઔર શ્રાવક ઈન દો પ્રકારકે ધર્મોમેં સમ્યક્ત્વ હૈ વહ અધિક હૈ. ૧૨૮૭.

*(શ્રી કુંદકુંદાચાર્ય, ભાવપાહુડ, ગાથા-૧૪૪)*

❀ આત્મા જ્ઞાનસ્વરૂપ હૈ, યદિ ઈસકી સેવા કી જાવે તો વહ ઉત્કૃષ્ટ, નિર્મલ જ્ઞાનકો દેતા હૈ. જબ કિ શરીર જ્ઞાનરહિત હૈ, યદિ ઈસકી સેવા કી જાવે તો વહ ઘોર અજ્ઞાનકો હી દેતા હૈ. ઈસ જગતમેં યહ બાત સર્વસ્થાનમેં પ્રસિદ્ધ હૈ કિ જિસકે પાસ જો હોતા હૈ વહી દિયા જાતા હૈ. કોઈ ભી દાની આકાશકે ફૂલકો કભી ભી કિસીકો ભી નહીં દે સકતા હૈ. ૧૨૮૮. *(શ્રી અમિતગતિ આચાર્ય, તત્ત્વભાવના, શ્લોક-૪૫)*

❀ નિશ્ચયનયકર વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન પરિણારૂપ જો નિજભાવોંકા અભયદાન નિજ જીવકી રક્ષા ઔર વ્યવહારનયકર પરપ્રાણિયોંકે પ્રાણોંકી રક્ષારૂપ અભયદાન યહ સ્વદયા-પરદયાસ્વરૂપ અભયદાન હૈ, ઉસકે કરનેવાલોંકે સ્વર્ગ મોક્ષ હોતા હૈ, ઈસમેં સંદેહ નહીં હૈ. ઈનમેંસે જો અચ્છા માલૂમ પડે ઉસકો કરો. ૧૨૮૯. *(શ્રી યોગીન્દુદેવ, પરમાત્મપ્રકાશ, અધિ. ૨, શ્લોક—૧૨૭)*

❀ જેને જીવન અને ધનની આશા છે, તેને માટે કર્મ વિધાતારૂપ બને છે, પરંતુ જે મહાભાગ્યને આશાનો જ અભાવ વર્તે છે, તેને વિધાતા શું કરી શકે એમ છે? ૧૨૯૦. *(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૬૩)*

❀

વર્ષ-૬
અંક-૧૨




સંવત
૨૦૬૮
AUGUST
A.D. 2012

# આત્મ-અનુભવ વિના બાહ્ય-ચારિત્ર હોવા છતાં, જીવ અવ્રતી છે

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૫)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. દશલક્ષણધર્મના પર્વના દિવસો શરૂ થાય છે. આ દશલક્ષણ છે તે ચારિત્રના ભેદ છે અને ચારિત્ર સાક્ષાત્ મોક્ષનું કારણ છે. ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ એ બધી વીતરાગ પરિણતિ છે. આ દશ પ્રકારનું આરાધન તો ધર્મીને સદાય હોય પણ મુખ્યપણે વર્ષમાં આ ત્રણ પર્યુષણમાં તેની આરાધના થાય છે. મહા, ચૈત્ર અને ભાદરવા મહિનામાં પર્યુષણ હોય છે. કાર્તિકેયાનુપ્રેક્ષામાંથી દશ પ્રકારના ધર્મનું વર્ણન અહીં કરવામાં આવે છે. તે તમે પરમ ભક્તિથી સાંભળજો. કાર્તિકેય સ્વામી ૨૨૦૦ વર્ષ પહેલાં થઈ ગયા છે. તેમનું લખેલું આ શાસ્ત્ર છે. તેમાં સ્વામી કાર્તિક કહે છે કે આ દશધર્મ બહુમાન અને ભક્તિથી સાંભળો!

ઉત્તમ ક્ષમા :—જેને આત્મજ્ઞાન થયું છે તેને ઉત્તમ ક્ષમા હોય છે. આત્મજ્ઞાન વિના સાધારણ ક્ષમા હોય છે. તે મિથ્યાત્વસહિત પુણ્યબંધનું કારણ છે. આ તો જેને હું સત્ ચિદાનંદ આનંદમૂર્તિ આત્મા છું એવી અંતરદષ્ટિ સહિત ચારિત્ર—સ્વરૂપમાં સ્થિરતારૂપ ભાવ તેના એક પેટાભેદને ઉત્તમક્ષમા કહેવાય છે.

જે મુનિને ભયાનક ઉપસર્ગ થવા છતાં ક્રોધથી તપ્તાયમાન થતાં નથી. હું તો જ્ઞાનાનંદસ્વરૂપ છું, ક્રોધ થવો એ મારા સ્વભાવમાં નથી, અતીન્દ્રિય આનંદ સહિત ક્ષમાભાવ એ મારો સ્વભાવ છે એવા ભાવપૂર્વક આનંદ ઉત્પન્ન થવો અને ક્રોધનું ઉત્પન્ન ન થવું તે ઉત્તમ-નિર્મળક્ષમા છે. કોઈ મારા દોષ કહે છે તો શું એ ખોટું કહે છે! દોષને

દોષરૂપ બતાવે એ તો બરાબર છે અને જો દોષ નથી અને કોઈ કહે છે તો તેનું જ્ઞાન ખોટું છે, તેમાં મારે દુઃખી થવાનું કોઈ કારણ નથી એમ વિચારી ક્ષમા કરવી અથવા અજ્ઞાનીને બાળક વિચારી ક્ષમા કરવી. બાળક તો પ્રત્યક્ષમાં નિંદા કરે છે અને આ તો પરોક્ષમાં કરે છે, એમ વિચારી ક્ષમા કરવી જ્ઞાતા-દૃષ્ટાપણે રહેવું તેનું નામ ક્ષમા છે.

બાળક તો માત્ર કુવચન જ નહિ, મારે પણ છે તો આ તો મને માત્ર કુવચન જ કહે છે. અથવા કોઈ મને મારે તો એમ વિચારવું કે મારા પ્રાણનો ઘાત તો નથી કર્યો ને! એમ વિચારી ક્ષમા રાખવી. જો પ્રાણનો ઘાત કરે તો એમ વિચારવું કે અજ્ઞાની તો ધર્મનો પણ વિધ્વંશ કરે છે, આ તો માત્ર પ્રાણનો જ ઘાત કરે છે એમ વિચારી સમાધાન કરવું અને શાંતિમાં રહેવું તેનું નામ ઉત્તમક્ષમારૂપ ચારિત્રનું અંગ છે કે જે મુક્તિનું કારણ છે. આ ધર્મની શરૂઆત કરી. હવે સમયસાર નાટકમાં સર્વવિશુદ્ધદ્વારનો ૪૬મો શ્લોક છે તે લઈએ.

**दर्शनज्ञानचारित्रत्रयात्मा तत्त्वमात्मनः।**
**एक एव सदा सेव्यो मोक्षमार्गो मुमुक्षुणा॥४६॥**

અનુભવની યોગ્યતા

**जो दयालता भाव सो, प्रगट ग्यानकौ अंग।**
**पै तथापि अनुभव दसा, वरतै विगत तरंग॥११४॥**

અર્થ :—જોકે કરૂણાભાવ જ્ઞાનનું સાક્ષાત્ અંગ છે તોપણ અનુભવની પરિણતિ નિર્વિકલ્પ રહે છે.

કરૂણાભાવ એટલે અનુકંપા આવે છે તે એક જ્ઞાનનું અંગ છે તોપણ અનુભવદશા—આનંદસ્વરૂપ નિજ આત્માની દૃષ્ટિ, પોતાના આત્માનું અનુભવજ્ઞાન અને તેની લીનતાનો અનુભવ—વેદન એ મોક્ષનો માર્ગ છે. અહિંસા, ભક્તિ આદિનો વિકલ્પ ઊઠે તે બધો પુણ્યબંધનું કારણ છે—મોક્ષનું કારણ નથી. 'અહિંસા પરમો ધર્મ' જે કહેવાય છે તે બીજી વાત છે. "પોતાના આત્માનંદમાં રહીને રાગની ઉત્પત્તિ ન થઈ અને અંતર આશ્રયથી વીતરાગ આનંદની ઉત્પત્તિ થવી તેનું નામ અહિંસા પરમધર્મ છે." તેમાં પોતાની દયાની વાત છે. બીજાની દયા તો ખરેખર કોઈ પાળી શકતું નથી.

રાગની ઉત્પત્તિ કરવી તે પોતાની હિંસા છે. અશુભરાગ તો હિંસા છે જ પણ દયા, દાન, વ્રત, ભક્તિનો શુભરાગ ઊઠે છે તેમાં પણ પોતાના આત્માની શાંતિ ઘવાય છે માટે

તે હિંસા છે. ત્રિકાળી જ્ઞાયકભાવના આશ્રયે વીતરાગતા અને આનંદની ઉત્પત્તિ થવી તેનું નામ અહિંસા પરમધર્મ કહેવામાં આવે છે.

.....वरते विगत तरंग। વિકલ્પના—રાગના તરંગથી રહિત નિર્વિકલ્પ અનુભવદશા—એક જ મોક્ષમાર્ગ છે. કામ તો આત્માની પર્યાયથી થાય છે. વિકલ્પ છે એ તો નિમિત્ત તરફના લક્ષથી ઉત્પન્ન થયેલો રાગ છે. ત્રણલોકના નાથ જે સમવસરણમાં બિરાજે છે તેની ભક્તિનો વિકલ્પ એ પણ રાગ છે. રાગ બિલકુલ મોક્ષનું કારણ નથી. રાગ એ સંવર-નિર્જરા નથી. રાગ તો આસ્રવ—અધર્મ છે.

આ તો વીતરાગનો મારગ છે ભાઈ! તેમાં વીતરાગતા એ ધર્મ છે. મહાવ્રતનો રાગ હો તોપણ એ ધર્મ નથી, રાગ છે, આસ્રવ છે, બંધનું કારણ છે, તેમાં આત્માના સ્વરૂપની હિંસા થાય છે. આત્મા તો અતીન્દ્રિય આનંદનો સાગર છે, તેનો આશ્રય લઈને અતીન્દ્રિય આનંદની દશા પ્રગટ કરવી તે વીતરાગી પરિણતિ છે, તે જ મુક્તિનું કારણ છે.

ભાઈ! તારી ચીજ જ વીતરાગમૂર્તિ છે. તેમાંથી વીતરાગતા જ પ્રગટ થાય. રાગ ઉત્પન્ન થાય છે એ તો પરના લક્ષથી ઉત્પન્ન થાય છે. પૂર્વે ત્રણલોકના નાથની સમીપમાં—સમવસરણમાં આ જીવ અનંતવાર જઈ આવ્યો. મણિરત્નોથી અને કલ્પવૃક્ષના ફૂલોથી ભગવાનની પૂજા કરી તે શુભભાવ છે પણ ધર્મ નથી. પુણ્ય કહો કે ધર્મ નથી એમ કહો કે અધર્મ છે—બધી એક જ વાત છે.

આત્મ-અવલોકનમાં દીપચંદજીએ કહ્યું છે કે શ્રાવકને જેટલી વીતરાગ પરિણતિ છે તેટલો ધર્મ છે અને જેટલી રાગપરિણતિ છે એટલો અધર્મ છે. જ્યાં સુધી પૂર્ણ વીતરાગતા પ્રગટ ન થાય ત્યાં સુધી વચ્ચે સમ્યગ્દર્શન-જ્ઞાનની શાંતિપૂર્વક રાગ આવે છે પણ તે બંધનું કારણ છે. આ લાખો રૂપિયાના દાન કરે તેમાં જેટલો મંદ રાગ કરે એટલું પુણ્ય છે, ધર્મ જરાય નથી.

શ્રોતા :—તો દાન શું કામ કરે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ તો રાગ આવ્યા વિના રહેતો નથી. બાકી દાન દેવાની ક્રિયાનો કર્તા જીવ નથી. ખરું દાન તો એ છે કે વીતરાગ પરિણતિ પોતામાં પ્રગટ કરીને પોતાને દેવી અને અને પોતામાં રાખવી તે દાન છે.

આ ૧૧૪મુ પદ્ય થયું, હવે તેનો વિશેષખુલાસો ૧૧૫મા પદ્યમાં કરે છે :

**दरसन ग्यान चरन दसा, करै एक जो कोई।**
**थिर ह्वै साधै मोख-मग, सुधी अनुभवी सोइ॥११५॥**

અર્થ :—જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાપૂર્વક આત્મસ્વરૂપમાં સ્થિર થઈને મોક્ષમાર્ગને સાધે છે તે જ ભેદવિજ્ઞાની અનુભવી છે.

જે કોઈ જીવને પોતાના આત્માની શ્રદ્ધા, આત્માનું જ્ઞાન એટલે કે ચૈતન્યમૂર્તિ જ્ઞાનસાગર ભગવાન આત્મા તરફના ઝુકાવથી જે અંતરદૃષ્ટિ પ્રગટ થઈ—નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થયું અને સાથે શ્રુતજ્ઞાનમાં નિર્વિકલ્પ શાંતિની કણિકા ઉત્પન્ન થઈ તે સમ્યગ્જ્ઞાન છે અને સાથે સ્વરૂપમાં લીનતા થઈ તે ચારિત્ર છે. આ ત્રણેયની એકતા તે મોક્ષમાર્ગ છે માટે ભેદનું લક્ષ છોડી દેવું. વ્યવહારનો વિકલ્પ સાથે હોય છે પણ તે કાંઈ મોક્ષમાર્ગ નથી. વીતરાગમાર્ગ અપૂર્વ છે.

કોઈ કહે કે અમે તો સાધારણ પ્રાણી છીએ પણ એમ નથી. દરેક પ્રાણી એટલે આત્માનું સ્વરૂપ જ અસાધારણ પરમાત્માનું રૂપ છે. પર્યાયનું લક્ષ છોડીને જુઓ તો દ્રવ્ય જ પરમાત્મસ્વરૂપ જ છે. 'अप्पा सो परमप्पा' આત્મા છે તે જ પરમાત્મા છે. બીજા પરમાત્મા છે એ તો તેના પોતાના પરમાત્મા છે. તારો પરમાત્મા તું જ છો.

અનુભવપ્રકાશમાં આ શબ્દ આવે છે કે 'તું તને પરમાત્મા સ્થાપ.' હું અલ્પજ્ઞ નહિ, રાગ નહિ, નિમિત્ત તો હું છું જ નહિ એમ જો!! આત્માનું જ્ઞાન એ જ જ્ઞાન છે. શાસ્ત્રમાં તો જ્ઞાન નથી પણ શાસ્ત્રના જ્ઞાનવાળાને પણ (સમ્યક્)જ્ઞાન નથી. શાસ્ત્ર તો જડ છે અને ભગવાનની વાણી પણ જડ છે કેમ કે પુદ્‌ગલની પર્યાય છે તેમં તો જ્ઞાન નથી પણ તેને જાણવાવાળાને પણ જ્ઞાન નથી કેમ કે પરદ્રવ્ય તરફ લક્ષવાળું જ્ઞાન એ જ્ઞાન નથી. પરની અપેક્ષાથી રહિત અને સ્વની અપેક્ષા સહિત જે અંતરદૃષ્ટિપૂર્વક સ્વના અવલંબનથી પ્રગટ થયેલું જ્ઞાન એ જ 'જ્ઞાન' છે, તેનું નામ સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાન જ્ઞાનીમાં જ હોય છે કાંઈ જડમાં હોતું નથી.

સ્વરૂપમાં ચરવું—રમવું—અતીન્દ્રિય આનંદનું ભોજન કરવું તે ચારિત્ર છે. વેષ બદલીને સાધુ થઈ જવું તે ચારિત્ર નથી. અતીન્દ્રિય આનંદનું ભોજન તે ચારિત્ર છે. લાડુનું ભોજન તે ચારિત્ર નથી. જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેને એક કરીને—ભેદ ન રાખીને—थिर व्है साधै मोख-मग— સ્વરૂપની રમણતા કરીને જે મોક્ષમાર્ગને સાધે છે તે સુધીવંત—બુદ્ધિવંત—સમ્યગ્જ્ઞાનવંત જીવને અનુભવી કહેવાય છે. તેણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને સાધી છે, અનુભવી છે એવા જીવને ભેદજ્ઞાની કહે છે.

"અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ."

ભેદ કોનાથી કરવો? રાગથી; અને અભેદ કોનાથી થવું?—સ્વભાવથી.

આત્મ-અનુભવનું પરિણામ :

**जोई द्रिग ग्यान चरनातममैं बैठि ठौर,**
**भयौ निरदौर पर वस्तुकौं न परसै।**
**सुद्धता विचारै ध्यावै सुद्धतामैं केलि करै,**
**सुद्धतामैं थिर व्है अमृत-धारा बरसै।।**
**त्यागि तन-कष्ट व्है सपष्ट अष्ट करमकौ,**
**करि थान भ्रष्ट नष्ट करै और करसै।**
**सो तो विकलप विजयी अलप काल मांहि,**
**त्यागि भौ विधान निरवान पद परसै।।११६।।**

અર્થ :—જે કોઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મામાં અત્યંત દ્રઢ સ્થિર થઈને વિકલ્પજાળને દૂર કરે છે અને તેના પરિણામે પર પદાર્થોને અડતા પણ નથી, જે આત્મશુદ્ધિની ભાવના અને ધ્યાન કરે છે અથવા શુદ્ધ આત્મામાં મોજ કરે છે અથવા એમ કહો કે શુદ્ધ આત્મામાં સ્થિર થઈને આત્મીય આનંદની અમૃતધારા વરસાવે છે, તે શારીરિક કષ્ટોને ગણતાં નથી અને સ્પષ્ટપણે આઠે કર્મોની સત્તાને શિથિલ અને વિચલિત કરી નાંખે છે તથા તેમની નિર્જરા અને નાશ કરે છે. તે નિર્વિકલ્પ જ્ઞાની થોડા જ સમયમાં જન્મ-મરણરૂપ સંસાર છોડીને પરમધામ અર્થાત્ મોક્ષ પામે છે.

બનારસીદાસ કવિ છે એટલે સપષ્ટ ને અષ્ટ ને કષ્ટ એવા શબ્દોની મેળવણી કેવી કરે છે!

जोई द्रिग ग्यान........અનાદિથી જીવ રાગ અને પુણ્યમાં મારાપણું કરીને બેઠો હતો તે હવે જ્યારે પોતાના ચૈતન્યમાં શ્રદ્ધા-જ્ઞાન અને સ્થિરતા કરીને બેસે છે ત્યારે શુભાશુભરાગની વિકલ્પજાળને દૂર કરી નાંખે છે.

આ તો હરખ-જમણ છે! પેલાં જમાનામાં નવ ટંકના જમણ કરતાં. તેમાં છેલ્લું હરખ-જમણ હોય. દૂધપાક, પૂરી, ભજિયા વગેરે કરીને બધાંને હરખથી જમાડે, ઉંચામાં

ઉંચા બદામના મૈસુબ, પિસ્તાના પાપડ અને મરીના અથાણા બનાવે. પણ એ તો બધું ધૂળ છે. મૈસુબ તો આ ભગવાન આનંદકંદમાં એકાગ્રતા થવી તે 'મેસુબ' છે.

भयौ निरदौर परवस्तुकौं न परसे । ભગવાન આત્મા પોતાના જ્ઞાનાનંદસ્વરૂપમાં સ્થિર થઈને નિરદૌર થાય છે એટલે કે વિકલ્પ રહિત થાય છે, રાગને અડતાં પણ નથી. પર દેવ-શાસ્ત્ર-ગુરુને અડતા પણ નથી. પોતાનો દેવ-ગુરુ-આત્મા—ત્રિલોકનાથ પરમાત્માને પોતાના અનુભવમાં સ્પર્શે છે. सुद्धता विचारे ધ્યાવે અને શુદ્ધતામાં કેલિ કરે છે. આનંદની રમત માંડે છે મોજ કરે છે. અનંતકાળથી રાગમાં રમતો હતો ત્યાં ઝેર વહેતું હતું. પણ હવે નિજાનંદમાં સ્થિર થયો ત્યાં અમૃતધારા વરસે છે. આનું નામ ધર્મ છે. સાથે વ્યવહાર હોય, તેની ના નથી પણ તે ધર્મ નથી.

જેમ શેરડીના રસના ઘૂંટડા પીએ છે તેમ ધર્મી અતીન્દ્રિય આનંદના ઘૂંટડા પીએ છે. અંદરમાં તો અતીન્દ્રિય આનંદનો સાગર ભર્યો છે, ત્યાં નજર કર તો તને પણ આનંદ આવશે. બહારમાં નજર કરવાથી તો ઝેર ઝરે છે પણ અરે! અજ્ઞાની મૂળ ચીજને જોતો નથી. મૂળને છોડીને બહાર બધે નજર કરી રહ્યો છે. દયા પાળો, વ્રત પાળો, પૂજા કરો, ભક્તિ કરો એમાં જ સર્વસ્વ માને છે પણ રાગ કરવો એ તો મરવા બરાબર છે. શ્રીમદ્‌માં આવે છે ને! ''ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે, કાં અહો રાચી રહો?'' અંદરમાં ભગવાન જ્ઞાન અને આનંદનું ધામ છે તેમાં સ્થિર ન થતાં રાગમાં સ્થિર થાય છે તેમાં ઝેરનો અનુભવ થાય છે તે સંસારની ઉત્પત્તિનું કારણ છે અને જો શુદ્ધતામાં સ્થિર થાય તો અમૃતની ધારા વરસે છે. એક દિવસમાં પાંચ લાખની કમાણી કરે છે, દલાલીમાં લાખો કમાય છે, તે પણ કોલસાની કમાણી છે અને અંતરની કમાણી એ તો અમૃતધારા છે.

ત્રણલોકના નાથ તીર્થંકરદેવ ત્રણકાળ ત્રણલોકને જાણે છે તેના જેવો જ આ આત્મા છે. આ આત્મામાં અને તીર્થંકરના આત્મામાં કાંઈ ફેર નથી એમ પહેલાં સમજણમાં તો યથાર્થતા લાવ! હજુ સમજણમાં ઠેકાણું ન હોય, શ્રદ્ધાથી ભ્રષ્ટ હોય, તત્ત્વની ખબર ન હોય તેને અંતરની સ્થિરતા ક્યાંથી આવશે?

त्यागि तन कष्ट શરીરની અવસ્થામાં કોઈ રોગાદિ થઈ જાય તે તો જડની અવસ્થા છે, મારી નથી. કોઈ છરો મારી ગયું તો એ પણ મારી અવસ્થા નથી, મારામાં કાંઈ થયું નથી. હું તો શરીરને અડતો પણ નથી એમ ધર્મી શરીરાદિથી પોતાને ભિન્ન અનુભવે છે. અપૂર્વ અવસરમાં આવે છે —

"બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે પણ ક્રોધ નહિ,
વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
દેહ જાય પણ માયા થાય ન રોમમાં,
લોભ નહિ છો પ્રબળ સિદ્ધિ નિધાન જો."

અનેક પ્રકારની સિદ્ધિ પ્રગટી હોય તેનો પણ જ્ઞાનીને લોભ ન હોય. આત્માની સિદ્ધદશા પ્રગટે તેની જ ભાવના જ્ઞાનીને હોય છે. આઠ કર્મોની સત્તાને તો ધર્મી શિથિલ કરી નાખે છે-કર્મને પાતળા પાડી દે છે અથવા મૂળમાંથી તેની સત્તાનો નાશ કરે છે.

सो तो विकल्प विजई.... પોતાના સ્વરૂપમાં નિર્વિકલ્પ સ્થિરતા કરવી તે વિકલ્પનો વિજય છે. આવા વિકલ્પ-વિજયી જીવ તો અલ્પકાળમાં જ त्यागि भौ विधान निरवान पद परसै। પોતાના આનંદસ્વરૂપ મુક્તિને પ્રાપ્ત કરે છે તેને મોક્ષમાર્ગનું ફળ આવ્યું કહેવામાં આવે છે.

આત્મ-અનુભવ કરવાનો ઉપદેશ

**गुन परजैमें द्रिष्टि न दीजै।**
**निरविकलप अनुभौ-रस पीजै॥**
**आप समाइ आपमै लीजै।**
**तनुपौ मेटि अपनुपौ कीजै॥११७॥**

અર્થ :—આત્માના અનેક ગુણ-પર્યાયોના વિકલ્પમાં ન પડતાં નિર્વિકલ્પ આત્મ-અનુભવનું અમૃત પીઓ. તમે પોતાના સ્વરૂપમાં લીન થઈ જાવ અને શરીરમાં અહંબુદ્ધિ છોડીને નિજ આત્માને અપનાવો.

गुण परजैमैं द्रिष्टि न दीजै। સ્ત્રી, પુત્ર, પરિવાર અને દેવ-શાસ્ત્ર-ગુરુ ઉપરથી તો દૃષ્ટિ છોડી દે પણ આત્માના ગુણ-પર્યાય પરથી પણ દૃષ્ટિ છોડી દે!—ભેદ ઉપર દૃષ્ટિ છે તે છોડી દે અને અભેદ ચૈતન્ય ઉપર દૃષ્ટિ જોડી દે! તો ધર્મની શરૂઆત થાય. સમ્યગ્દર્શન—સાચી દૃષ્ટિથી જ ધર્મની પ્રથમ શરૂઆત થાય છે.

आप समाइ आपमैं लीजै। રાગરહિત ભગવાન સ્વરૂપના આનંદામૃતનો અનુભવ કરો. ગુણ-પર્યાય ઉપર દૃષ્ટિ કરવાથી તો વિકલ્પ થાય છે માટે તે દૃષ્ટિ છોડી સ્વરૂપમાં સમાઈ જાવ! નિર્વિકલ્પ અનુભવ-રસ પીવો! આનંદનો અનુભવ એ જ મોક્ષનો માર્ગ છે. આ કરવું એ કરવાનું છે, બાકી, કોઈ વ્યવહાર કરવાથી નિશ્ચય થાય તેમ નથી. લસણ ખાવાથી કસ્તુરીનો ઓડકાર આવે તેમ નથી. પુણ્યની ક્રિયા કરતાં કરતાં ધર્મનો ઓડકાર આવે તેમ નથી.

આ તો અધ્યાત્મની વાત છે માટે સૂક્ષ્મ છે, આ કાંઈ સાધારણ વાર્તા કથા નથી. ભગવાનની કથાનું આ તો ભાગવત્ શાસ્ત્ર છે.

तनुपौ मेटि अपनुपौ कीजै। અહો! શરીરમાં અહમ્‌બુદ્ધિ છોડી નિજ આત્માને અપનાવો. પોતાના આનંદ ઉપર દૃષ્ટિ દેવાથી આત્માની પ્રાપ્તિ થશે. રાગ અને વિકલ્પથી આત્માની પ્રાપ્તિ નહિ થાય. બનારસીદાસે આ છંદ બનાવ્યા છે જુઓ!

**तजि विभाउ हूजै मगन, सुद्धातम पद मांहि।**
**एक मोख-मारग चहै, और दूसरो नांहि॥११८॥**

અર્થ :—રાગ-દ્વેષ આદિ વિભાવ-પરિણતિ દૂર કરીને શુદ્ધ આત્મપદમાં લીન થાવ, એ જ એક મોક્ષનો રસ્તો છે, બીજો માર્ગ નથી.

અહીં તો એક સ્ત્રીને પતિ મરી જાય તો બધા એમ કહે કે દુઃખી થઈ ગઈ. અરે! વિધવા થઈ ગઈ...કોણ કહે છે દુઃખી થઈ ગઈ! પરવસ્તુનો વિયોગ એ કાંઈ આત્માને દુઃખનું કારણ નથી. દુનિયા તો ગાંડી છે, કાંઈ જાણતી નથી તેથી એમ કહે છે. પર તો પર જ હતું તે ગયું તેમાં દુઃખ ક્યાંથી આવે!

અમારે મોટાભાઈ નાની ઉંમરમાં ૫૭ની સાલમાં ગુજરી ગયેલાં ત્યારે બૈરાવને રોતા રોતા બોલતાં સાંભળ્યાં હતાં કે અરે! મને ઊંડા કૂવે ઉતારીને તમે દોરડાં કાપી નાંખ્યા અમારું હવે શું થશે? અરે! રોનારા પણ ક્યાં રહેનાર છે? તું ક્યાં રડવા લાગી? સંયોગો ઉપર દૃષ્ટિ રાખીને રાગ-દ્વેષ કરે છે તે દુઃખી થાય છે. બાકી સંયોગ કે વિયોગ કાંઈ દુઃખ કરાવતાં નથી. પરનો સંયોગ હતો તે જવાથી દુઃખ થતું હોય તો તો સિદ્ધને તો બધો સંયોગ છૂટી ગયો છે, એક રાગનો રજકણ પણ રહ્યો નથી તો સિદ્ધને તો બહુ દુઃખ થવું જોઈએ! એમ નથી ભાઈ! પરવસ્તુ તો તારાથી છૂટી જ પડેલી છે છતાં તેં એને પોતાની માની હતી તેથી તેના વિયોગે તને દુઃખ થાય છે.

तजि विभाउ हूजै मगन....અનાકુળ આનંદમાં લીન થા અને સર્વ વિભાવને છોડી દે ! શુદ્ધાત્મપદ નિત્ય ધ્રુવપદ છે. તેમાં લીન થતાં અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિ છે. વિભાવ તો છૂટા જ પડ્યા છે તેની દૃષ્ટિ છોડી શુદ્ધાત્મપદમાં લીન થવું એ જ એક મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગના કથન બે પ્રકારે આવે છે. 'નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ' પણ માર્ગ બે નથી. પંચમકાળ હો કે ચોથો કાળ હો, મહાવિદેહ હો કે ભરતક્ષેત્ર હો, દરેક કાળ અને દરેક ક્ષેત્રમાં મોક્ષનો માર્ગ એક જ છે, બે નથી. દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતનો રાગ કે શાસ્ત્રનું ભણવું એ મોક્ષનો માર્ગ નથી.

આ દશલક્ષણીપર્વમાં ઉપવાસ કરે, પાણી પણ ન પીએ....તો એવી તપસ્યાથી નિર્જરા થતી નથી, એક નિજસ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન અને લીનતા જ મોક્ષનો માર્ગ છે.

હવે ૪૮મા કળશ ઉપર ૧૧૯મુ પદ્ય બનારસીદાસજી લખે છે કે 'આત્મ-અનુભવ વિના બાહ્યચારિત્ર હોવા છતાં જીવ અવ્રતી છે.'

અંતરદૃષ્ટિ-અનુભવ વિના પંચમહાવ્રત પાળે, નગ્નપણું લે તોપણ એ અવ્રતી છે. અહીં તો ઠેકાણા વિનાના વ્રત હોય તોપણ ચારિત્ર માને છે. આચાર્ય ભગવાન થઈ જાય છે. આ તો કાળાકેર છે ભગવાન ! એના ફળ આવશે ત્યારે આકરું પડશે. દુનિયા તો ગાંડી છે તો વખાણ કરે અહા ! મહારાજે કેટલું છોડ્યું છે ! અરે ! મિથ્યાત્વ છોડ્યા વિના એણે શું છોડ્યું? કાંઈ છોડ્યું નથી. જુઓ ! શું કહ્યું? કે આત્મ-અનુભવ વિના એટલે પુણ્ય-પાપ રહિત ચૈતન્યની દૃષ્ટિ વિના બાહ્યચારિત્ર બ્રહ્મચર્ય, વ્રત, તપ આદિ પાળતો હોવા છતાં અનુભવ વિના એ અવ્રતી છે. જેને ચૈતન્યના આનંદનો સ્પર્શ નથી, વેદન નથી—અનુભવ નથી તે જીવ ભલે મહિના-મહિનાના ઉપવાસ કરતો હોય તોપણ અવ્રતી છે.

केइ मिथ्याद्रिष्टी जीव धरै जिनमुद्रा भेष,
क्रियामैं मगन रहैं कहैं हम जाती हैं।
अतुल अखंड मल रहित सदा उदोत,
ऐसे ग्यानभावसौं विमुख मूढमती है।।
आगम संभालैं दोस टालैं विवहार भालैं,
पालैं व्रत जदपि तथापि अविरति हैं।
आपुकौं कहावैं मोख मारगके अधिकारी,
मोखसौं सदीव रुष्ट दुष्ट दुरमती हैं।।११९।।

અર્થ :—કેટલાક મિથ્યાદૃષ્ટિ જીવ જિનલિંગ ધારણ કરીને શુભાચારમાં લાગ્યા રહે છે અને કહે છે કે અમે સાધુ છીએ. તે મૂર્ખ અનુપમ, અખંડ, અમલ, અવિનાશી સદા પ્રકાશવાન એવા જ્ઞાનભાવથી સદા પરાંગમુખ છે. જોકે તેઓ સિદ્ધાંતનું અધ્યયન કરે છે, નિર્દોષ આહાર-વિહાર કરે છે અને વ્રતોનું પાલન કરે છે તોપણ અવ્રતી છે. તેઓ પોતાને મોક્ષમાર્ગના અધિકારી કહે છે પરંતુ તે દુષ્ટો મોક્ષમાર્ગથી વિમુખ છે અને દુર્મતિ છે.

केई मिथ्यादृष्टि जीव धरै जिनमुद्रा भेष.....આ જિનમુદ્રા એટલે નગ્ન દિગંબર

(જુઓ અનુસંધાન પેઈજ નંબર ૧૭ ઉપર)

# અજ્ઞાનીનો અશુદ્ધવ્યવહાર, સાધકનો મિશ્રવ્યવહાર, કેવળીનો શુદ્ધવ્યવહાર,-તેનું સ્પષ્ટીકરણ

(પંડિત શ્રી બનારસીદાસજી કૃત પરમાર્થ વચનિકા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૫)

'નિશ્ચય તો દ્રવ્યનું સ્વરૂપ અને વ્યવહાર સંસારાવસ્થિત ભાવ, તેનું હવે વિવરણ કરે છે.' ત્રણ પ્રકારની સંસાર-અવસ્થાવાળા જીવો કેવા હોય છે તેની વિશેષ સ્પષ્ટતા કરે છે.

❖ "મિથ્યાદૃષ્ટિ જીવ પોતાનું સ્વરૂપ જાણતો નથી તેથી પરસ્વરૂપને વિષે મગ્ન થઈને તેને પોતાનું કાર્ય માને છે; તે કાર્ય કરતો હોવાથી તેને અશુદ્ધવ્યવહારી કહીએ.

❖ સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વરૂપને પરોક્ષપ્રમાણ વડે અનુભવે છે, પરસત્તા–પરસ્વરૂપ તેને પોતાનું કાર્ય નહિ માનતો થકો યોગદ્વાર વડે પોતાના સ્વરૂપના ધ્યાન–વિચારરૂપ ક્રિયા કરે છે, તે કાર્ય કરતા તેને મિશ્રવ્યવહારી કહીએ.

❖ કેવળજ્ઞાની યથાખ્યાતચારિત્રના બળ વડે શુદ્ધાત્મસ્વરૂપમાં રમણશીલ છે તેથી તેને શુદ્ધવ્યવહારી કહીએ; યોગારૂઢ–અવસ્થા વિદ્યમાન હોવાથી તેમને વ્યવહારી કહ્યા. શુદ્ધવ્યવહારની સરહદ તેરમા ગુણસ્થાનથી ચૌદમા ગુણસ્થાન પર્યન્ત જાણવી.– **'असिद्धपरिणमनत्वात् व्यवहारः।"**

નિગોદથી માંડીને ચૌદમા ગુણસ્થાન સુધીના બધાય સંસારી જીવની અવસ્થાના પ્રકારો આ ત્રણ વિભાગમાં સમાઈ જાય છે.

સંસારના જીવોમાં મોટો ભાગ મિથ્યાદૃષ્ટિ જીવોનો છે. મિથ્યાદૃષ્ટિ જીવ પોતાનું આત્મસ્વરૂપ જાણતો નથી ને શરીરાદિની ક્રિયા તે હું છું, રાગ જેટલો જ હું છું–એમ માનીને પરસ્વરૂપમાં જ મગ્ન વર્તે છે એટલે અશુદ્ધ પર્યાયરૂપે જ પરિણમે છે તેથી તે અશુદ્ધવ્યવહારી છે. અન્ય દ્રવ્યના સંયોગથી થયેલી જે મનુષ્યાદિ પર્યાય તે ખરેખર આત્મસ્વરૂપ નથી પણ અજ્ઞાની તો 'હું જ મનુષ્ય છું' એમ માનીને જ વર્તે છે, તેને પ્રવચનસારમાં આચાર્યદેવે વ્યવહારમૂઢ–પરસમય કહ્યો છે; અહીં પણ તેને પરસ્વરૂપમાં લીન એટલે કે પરસમય કહ્યો છે. ભાઈ! 'મનુષ્ય–વ્યવહાર' એ ખરેખર તારો વ્યવહાર

નથી પણ શુદ્ધ ચેતનાના વિલાસરૂપ જે આત્મવ્યવહાર તે જ તારો વ્યવહાર છે, તારી શુદ્ધચેતનાપર્યાય તે જ તારો વ્યવહાર છે. તારો વ્યવહાર તારામાં હોય કે પર દ્રવ્યમાં હોય? તારો વ્યવહાર તારામાં ને પરનો વ્યવહાર પરમાં.

પ્રશ્ન :—વ્યવહારને પરાશ્રિત કહ્યો છે ને?

ઉત્તર :—અહીં અભેદ તે નિશ્ચય ને ભેદ તે વ્યવહાર–એ વિવક્ષા છે અને ભેદના વિચારમાં પરનું અવલંબન છે તે અપેક્ષાએ તેને પરાશ્રિત કહી શકાય. પણ જે ભેદરૂપ ભાવ (અર્થાત્ પર્યાય) છે તે તો પોતામાં જ છે, તે કાંઈ પરમાં નથી.

આત્મા તો ચેતનાસ્વરૂપ છે, આત્મા કાંઈ મનુષ્યાદિ દેહરૂપ નથી. 'મનુષ્યવ્યવહાર' તો મિથ્યાદ્રષ્ટિનો છે એટલે કે ચેતનાસ્વરૂપને ભૂલીને 'હું મનુષ્ય જ છું' એવી દેહબુદ્ધિથી અજ્ઞાની પ્રવર્તે છે. હું મનુષ્ય જ છું, મારું જ આ શરીર છે—એમ અહંકાર–મમકાર વડે ઠગાતા થકા અવિચલિત ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહારથી તે ચ્યૂત થાય છે અને સમસ્ત ક્રિયાકલાપને જેમાં છાતીસરસો ભેટવામાં આવે છે એવા મનુષ્યવ્યવહારનો આશ્રય કરીને તે રાગદ્વેષી થાય છે. આ રીતે અજ્ઞાની પરદ્રવ્યરૂપ કર્મ સાથે સંગતપણાને લીધે ખરેખર પરસમય થાય છે. *(જુઓ પ્રવચનસાર, ગાથા-૯૪ ટીકા)*

લોકોમાં માનવધર્મના નામે અનેક ગોટા ચાલે છે; અહીં સંતો કહે છે કે 'હું મનુષ્ય છું' એવી મિથ્યાબુદ્ધિ તે અધર્મ છે. ભાઈ! તું તો આત્મા છો, તારો વિલાસ ચેતનારૂપ છે. જડ દેહની ક્રિયામાં તારો વ્યવહાર નથી ને રાગાદિ અશુદ્ધપરિણતિ તે પણ ખરેખર તારો વ્યવહાર નથી, તે તો અશુદ્ધવ્યવહાર છે. તારો શુદ્ધવ્યવહાર તારો સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની શુદ્ધપરિણતિમાં છે, શુદ્ધચેતનાપરિણતિ તે જ તારો આત્મવ્યવહાર છે. અજ્ઞાનીને અશુદ્ધપરિણતિ છે તે તેનો અશુદ્ધવ્યવહાર છે.

અરે, તારો વ્યવહાર શું ને તારો નિશ્ચય શું! તેને પણ તું ન જાણ! તારા ભાવોને ય તું ન ઓળખ! તો કઈ રીતે તું ધર્મ કરીશ? માટે તું તારા ભાવોને ઓળખ.

સમ્યગ્દ્રષ્ટિ પોતાના જ્ઞાનાનંદ સ્વરૂપને પરોક્ષ પ્રમાણ વડે અનુભવે છે. સમ્યક્-મતિશ્રુતજ્ઞાનમાં ઈન્દ્રિય તથા મનના અવલંબન વગરનું જે રાગરહિત સંવેદન છે તે અપેક્ષાએ અંશે પ્રત્યક્ષપણું પણ છે, પરંતુ મતિ–શ્રુતજ્ઞાન હોવાથી તેને પરોક્ષ કહ્યા છે.–આ સંબંધી ઘણું સ્પષ્ટીકરણ પં. શ્રી ટોડરમલ્લજીની ચિઠ્ઠિના વિવેચનમાં આવી ગયું

છે. સ્વાનુભવથી આત્મસ્વરૂપને જાણ્યું ત્યારથી જ ધર્મી જીવ પરની ક્રિયાને કે પરના સ્વરૂપને પોતાનું માનતો નથી, તેનાથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપને જાણે છે અને આવા નિજસ્વરૂપના ધ્યાન–વિચારરૂપ ક્રિયામાં તે વર્તે છે, એ તેનો મિશ્રવ્યવહાર છે.

પ્રશ્ન :—એને મિશ્રવ્યવહાર કેમ કહ્યો?

ઉત્તર :—કેમકે સાધકને હજી પૂર્ણ શુદ્ધતા થઈ નથી; તેની પર્યાયમાં કંઈક શુદ્ધતા ને કંઈક અશુદ્ધતા બંને સાથે વર્તે છે, તેથી તેને મિશ્રવ્યવહાર કહ્યો.

પ્રશ્ન :—મિશ્રવ્યવહાર તો ચોથાથી બારમા ગુણસ્થાન સુધી કહ્યો છે; બારમા ગુણસ્થાને તો કાંઈ રાગાદિ અશુદ્ધતા નથી, તો ત્યાં મિશ્રપણું કઈ રીતે કહેવાય?

ઉત્તર :—રાગ–દ્વેષ–મોહરૂપ અશુદ્ધતા ત્યાં નથી એ ખરું, પણ ત્યાં હજી જ્ઞાનાદિગુણોની અવસ્થા અધૂરી છે એટલે જ્ઞાનાદિ અપેક્ષાએ (ઉદયભાવરૂપ અજ્ઞાનભાવ છે તે અપેક્ષાએ) અશુદ્ધતા ગણીને ત્યાં મિશ્રભાવ કહ્યો.

પ્રશ્ન :—તો પછી કેવળીભગવાનને પણ યોગનું કંપન વગેરે ઉદયભાવ છે, તેથી તેમને પણ મિશ્રપણું કહેવું જોઈએ?

ઉત્તર :—નહિ; કેવળીભગવાનને જ્ઞાનાદિપરિણતિ સંપૂર્ણ શુદ્ધ થઈ ગઈ છે અને હવે જે યોગનું કંપન વગેરે છે તે કાંઈ નવા કર્મસંબંધનું કારણ થતું નથી એટલે એમને એકલી શુદ્ધતા જ ગણીને શુદ્ધવ્યવહાર કહ્યો છે.

સમ્યગ્દ્રષ્ટિને મિશ્રવ્યવહાર કહ્યો છે ત્યાં આત્મા અને શરીરની ભેગી ક્રિયા એવો કાંઈ ‘મિશ્ર’નો અર્થ નથી પણ પોતાની પર્યાયમાં કાંઈક શુદ્ધતા ને કાંઈક અશુદ્ધતા એ બંને એક સાથે હોવાથી મિશ્ર કહેલ છે. આત્માનું સમ્યગ્દર્શન થતાં જ ચોથા ગુણસ્થાનથી અંશે શુદ્ધતા પ્રગટી છે. ત્યાંથી માંડીને બારમા ગુણસ્થાન સુધી સાધકદશા છે. આવી પરિણતિવાળા જીવને ‘મિશ્રનિશ્ચયાત્મકદ્રવ્ય’ કહેલ છે.

પ્રશ્ન :—સમ્યગ્દ્રષ્ટિ તો પોતાના શુદ્ધદ્રવ્યને જાણે છે છતાં તેને ‘શુદ્ધ–અશુદ્ધ–મિશ્રનિશ્ચયાત્મકદ્રવ્ય’ કેમ કહ્યું?

ઉત્તર :—સમ્યગ્દ્રષ્ટિની નિશ્ચયદ્રષ્ટિમાં–પ્રતીતમાં કાંઈ શુદ્ધાશુદ્ધ આત્મા નથી, એની દ્રષ્ટિમાં તો શુદ્ધ આત્મા છે; પણ પર્યાયમાં હજી તેને સમ્યગ્દર્શન–જ્ઞાન તથા સ્વરૂપાચરણ-ચારિત્રાદિ શુદ્ધ અંશોની સાથે રાગાદિક અશુદ્ધ અંશો પણ છે, એ રીતે

શુદ્ધ અને અશુદ્ધ એવા મિશ્રભાવરૂપ અવસ્થા છે, તે મિશ્ર અવસ્થા સાથે અભેદતા ગણીને તે દ્રવ્યને પણ તેવું ‘મિશ્રનિશ્ચયાત્મક’ કહ્યું છે. દ્રવ્યદૃષ્ટિથી જોતાં તો દ્રવ્ય શુદ્ધ જ છે, અશુદ્ધતા તેમાં નથી—**“णवि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं णाओ जो सो उ सो चेव ॥६॥”** એટલે આત્માને શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જુઓ તો તે પ્રમત્ત–અપ્રમત્ત કે શુદ્ધ–અશુદ્ધ એવા ભેદ વગરનો એકરૂપ શુદ્ધ જ્ઞાયક છે ને એ જ્ઞાયકસ્વભાવ વિકારરૂપે થયો નથી.—એ જ સમ્યગ્દર્શનનો વિષય છે. પર્યાયમાં શુદ્ધ–અશુદ્ધપણું વગેરે પ્રકારો છે. જ્યારે આવો જ્ઞાયકસ્વભાવ ઉપાસવામાં આવે ત્યારે પર્યાય શુદ્ધ થાય છે અને જ્યારે એ સ્વભાવને ભૂલીને વિકારમાં જ લીનપણે વર્તે ત્યારે પર્યાય અશુદ્ધ થાય છે. આ શુદ્ધ કે અશુદ્ધ પર્યાયની સાથે અભેદતાથી દ્રવ્યને પણ શુદ્ધ, અશુદ્ધ કે મિશ્ર કહ્યું છે, કેમકે તે–તે કાળે તેવા ભાવપણે દ્રવ્ય પોતે પરિણમ્યું છે, દ્રવ્યનું જ તે પરિણમન છે, તે કાંઈ દ્રવ્યથી જુદું કોઈ બીજાનું પરિણમન નથી.

જુઓ, સાધકદશામાં શુદ્ધતા પણ છે ને અશુદ્ધતા પણ છે; બંને એક સાથે એક પર્યાયમાં છે છતાં બંનેની ધારા જુદી છે, શુદ્ધતા તો શુદ્ધદ્રવ્યના આશ્રયે છે ને અશુદ્ધતા પરના આશ્રયે છે,—બંનેની જાત જુદી છે. બંને સાથે હોવા છતાં જે અશુદ્ધતા છે તે કાંઈ વર્તમાન પ્રગટેલી શુદ્ધતાનો નાશ કરી દેતી નથી.—આવી મિશ્રધારા સાધકને હોય છે.

તેરમા–ચૌદમા ગુણસ્થાને કેવળી ભગવાન પૂર્ણ યથાખ્યાત ચારિત્રના બળવડે શુદ્ધાત્મસ્વરૂપમાં જ રમણશીલ છે. જોકે યથાખ્યાત ચારિત્ર તો બારમા ગુણસ્થાને પણ પૂરું હતું પણ ત્યાં હજી કેવળજ્ઞાન ન હતું, હવે કેવળજ્ઞાન અને અનંત સુખ ઊઘડી જતાં પૂર્ણ ઈષ્ટપદની પ્રાપ્તિ થઈ, સાધ્ય હતું તે સધાઈ ગયું ને આવરણનો અત્યંત અભાવ થઈ ગયો, તેથી શુદ્ધ પરિણતિરૂપ શુદ્ધવ્યવહાર કહ્યો છે. તેરમા ગુણસ્થાને યોગારૂઢદશા એટલે યોગનું કંપન છે અને ચૌદમા ગુણસ્થાને યોગનું કંપન નથી, પરંતુ ત્યાં હજી અસિદ્ધપણું છે એટલે સંસારીપણું છે, તેથી ત્યાં સુધી વ્યવહાર ગણ્યો છે. સિદ્ધભગવાન સંસારથી પાર છે તેથી તેઓ વ્યવહારાતીત છે. જ્યાં સુધી અસિદ્ધપણું છે ત્યાં સુધી વ્યવહાર છે, સિદ્ધો વ્યવહાર–વિમુક્ત છે. આમ તો દૃષ્ટિ અપેક્ષાએ સમ્યગ્દૃષ્ટિને પણ વ્યવહાર–વિમુક્ત કહ્યા છે પણ અહીં પરિણતિ અપેક્ષાએ વાત છે, જ્યાં સુધી સંસાર છે ત્યાં સુધી વ્યવહાર પરિણતિ ગણી છે, સિદ્ધને વ્યવહારથી પાર ગણ્યા છે. શાસ્ત્રોમાં જ્યાં જે વિવક્ષા હોય તે સમજવી જોઈએ.

આ રીતે સંસારી જીવની અવસ્થાના અશુદ્ધ, મિશ્ર અને શુદ્ધ એમ ત્રણ પ્રકાર કહ્યા. સંસારમાંથી મોક્ષ જનાર દરેક જીવને આ ત્રણે પ્રકારની અવસ્થાઓ થઈ જાય છે. અશુદ્ધતા તો અજ્ઞાનદશામાં બધા સંસારી જીવોને અનાદિથી વર્તે છે; પછી આત્મજ્ઞાન થતાં સાધકભાવરૂપ મિશ્રદશા ખીલે છે અને શુદ્ધતા વધી વધીને કેવળજ્ઞાન થતાં સાધ્યરૂપ પૂર્ણ શુદ્ધદશા પ્રગટે છે; પછી અલ્પકાળમાં તે મોક્ષપદ પામે છે. અશુદ્ધદશા છે તે આસ્રવ ને બંધતત્ત્વ છે, મિશ્રદશામાં જેટલી શુદ્ધતા છે તેટલા સંવર–નિર્જરા છે તથા અલ્પ અશુદ્ધતા છે તે આસ્રવ–બંધ છે; ને પૂર્ણ શુદ્ધતા પ્રગટી તે ભાવમોક્ષ છે. દ્રવ્યમોક્ષરૂપ સિદ્ધદશાની વાત અહીં નથી લીધી, કેમકે સંસારી જીવોની જ વાત છે.

અજ્ઞાનીને એકલી અશુદ્ધતા છે; ચોથા ગુણસ્થાનથી કાંઈક શુદ્ધતા ને સાથે રાગ એમ મિશ્રપણું છે; બારમા ગુણસ્થાને વીતરાગતા છે એટલે ત્યાં જોકે રાગ નથી પણ હજી જ્ઞાનાદિ ગુણોની અવસ્થા અધૂરી છે એટલે ત્યાં પણ મિશ્રભાવ ગણ્યો. કેવળજ્ઞાનીને જ્ઞાનાદિ પૂરા થઈ ગયા છે તેથી શુદ્ધતા ગણી, છતાં હજી (તેરમા–ચૌદમા ગુણસ્થાને) સિદ્ધપણું નથી એટલે અસિદ્ધત્વ હોવાથી તેમનેય વ્યવહારમાં ગણ્યા; કેમકે પરમાણુ સાથે હજી તે પ્રકારનો સંબંધ છે ને પરિણતિમાં તે પ્રકારની યોગ્યતા છે. પછી સિદ્ધદશા થઈ ત્યાં વ્યવહાર છૂટી ગયો...ને વ્યવહાર છૂટ્યો ત્યાં સંસાર છૂટ્યો. વ્યવહારાતીત થયા ત્યાં સંસારાતીત થયા.

પ્રશ્ન :—અહીં ચૌદમા ગુણસ્થાન સુધી વ્યવહાર કહ્યો, સિદ્ધને વ્યવહારાતીત કહ્યા ને સમયસારાદિમાં તો સમ્યગ્દ્રષ્ટિને ચોથા ગુણસ્થાનથી જ વ્યવહારનો નિષેધ કહ્યો છે?

ઉત્તર :—ભાઈ! ત્યાં પણ જે વ્યવહાર છે તેની કાંઈ ના પાડી નથી પણ તેનો આશ્રય કરવાની ના પાડી છે; જે ભૂમિકાએ જે વ્યવહાર હોય તેને તું જાણજે પણ તેનો આશ્રય કરીશ નહિ–એમ ત્યાં કહ્યું છે; જો તેના અવલંબને લાભ માનીશ તો તે વ્યવહારના વિકલ્પમાં જ અટકી જઈશ ને પરમાર્થનો અનુભવ થશે નહિ. જિનમત પ્રવર્તાવવા બંને નયો જાણવાયોગ્ય કહ્યા છે પણ આશ્રય કરવાયોગ્ય તો એક ભૂતાર્થસ્વભાવ જ કહ્યો છે, માટે વ્યવહારનું જ્ઞાન ન છોડો પણ તેનો આશ્રય છોડો, પરમાર્થનો આશ્રય કરો–એવો ઉપદેશ છે. એ જ રીતે અહીં પણ સંસાર-અવસ્થામાં

કયા જીવને કેવો વ્યવહાર છે તેનું જ્ઞાન કરાવ્યું છે પણ કાંઈ તેનો આશ્રય કરવાનું નથી કહ્યું. એક ત્રિકાળી અખંડ દ્રવ્યને સંસારી ને સિદ્ધ એવા બે અવસ્થાભેદથી લક્ષમાં લેવું તે પણ વ્યવહાર છે ને તે ભેદના લક્ષે નિર્વિકલ્પતા થતી નથી; એકરૂપ અભેદ દ્રવ્યસ્વભાવને દૃષ્ટિમાં લેવો તે નિશ્ચય છે ને તેના જ લક્ષે નિર્વિકલ્પતા થાય છે.

પ્રશ્ન :—વ્યવહાર તે મિથ્યાત્વ છે?

ઉત્તર :—ના, ભાઈ! વ્યવહાર પોતે મિથ્યાત્વ નથી; વ્યવહાર તો સમ્યગ્દૃષ્ટિને પણ હોય છે, અહીં તો ઠેઠ ચૌદમા ગુણસ્થાન સુધી વ્યવહાર કહ્યો છે; તે વ્યવહાર કાંઈ મિથ્યાત્વ નથી પણ વ્યવહારના ભેદના અવલંબનમાં અટકીને તેનાથી લાભ માને તો જરૂર મિથ્યાત્વ છે.

સમયસાર નાટકમાં કહ્યું છે કે અસંખ્યાત પ્રકારના જે મિથ્યાત્વભાવ છે તે વ્યવહાર છે અને જેને મિથ્યાત્વ છૂટ્યું ને સમ્યક્ત્વ થયું તે જીવ નિશ્ચયમાં લીન છે ને વ્યવહાર–વિમુક્ત છે. ત્યાં એમ સમજવું કે જે મિથ્યાત્વભાવ છે તે કોઈને કોઈ પ્રકારે વ્યવહાર-આશ્રિત છે, તેથી જેટલા પ્રકાર મિથ્યાત્વના તેટલા જ પ્રકાર વ્યવહારના કહ્યા પણ જે વ્યવહાર છે તે જ મિથ્યાત્વ છે એમ ન સમજવું. સમ્યગ્દૃષ્ટિનેય વ્યવહાર તો ભૂમિકા મુજબ હોય પણ તેને તેના આશ્રયની બુદ્ધિ નથી તેથી તેને મિથ્યાત્વ નથી.

સંસાર–અવસ્થામાં રહેલા જીવની જે ત્રણ અવસ્થાનું (ત્રણ પ્રકારના વ્યવહારનું) કથન કર્યું તેનું સ્વરૂપ કહે છે :

❖ અશુદ્ધવ્યવહાર શુભાશુભ આચારરૂપ છે;

❖ શુદ્ધાશુદ્ધવ્યવહાર શુભોપયોગમિશ્રિત સ્વરૂપાચરણરૂપ છે અને

❖ શુદ્ધવ્યવહાર શુદ્ધસ્વરૂપાચરણરૂપ છે.

તેમાં વિશેષ એટલું કે કોઈ કહે કે શુદ્ધ સ્વરૂપાચરણ તો સિદ્ધ વિષે પણ વર્તે છે તેથી ત્યાં પણ વ્યવહારસંજ્ઞા કહેવી જોઈએ; તો તેમ નથી, કેમકે સંસાર-અવસ્થા સુધી વ્યવહાર કહીએ છીએ, સંસાર-અવસ્થા મટતાં વ્યવહાર પણ મટ્યો કહેવાય, એવી અહીં સ્થાપના કરી છે, માટે સિદ્ધને વ્યવહારાતીત કહીએ છીએ. એ રીતે વ્યવહાર-વિચાર સમાપ્ત.

અજ્ઞાનીને જે અશુદ્ધવ્યવહાર છે તે કેવો છે? કે શુભ-આચારરૂપ તથા અશુભ-

આચારરૂપ અશુદ્ધવ્યવહાર છે, તે શુભાશુભ આચરણમાં શુદ્ધતા નથી. મિથ્યાદ્રષ્ટિને શુભાશુભ રાગનું જ આચરણ હોય છે, શુદ્ધ-આચરણ તેને હોતું નથી. કોઈ કહે કે શુભ તે શુદ્ધનું કારણ થાય, તો કહે કે ના; શુભ-આચરણ પોતે અશુદ્ધ છે–એ વાત ૩૫૦ વર્ષ પહેલાં પં. બનારસીદાસજી પણ સ્પષ્ટ કહી ગયા છે ને જૈનસિદ્ધાન્તમાં અનાદિથી તે વાત સન્તો કહેતા જ આવ્યા છે. શુભ-આચરણ જે પોતે અશુદ્ધ છે તે શુદ્ધતાનું કારણ કેમ થાય? આ રીતે મિથ્યાદ્રષ્ટિને જે અશુભ કે શુભ આચરણ છે તેને અશુદ્ધવ્યવહાર જાણવો.

સાધકનો મિશ્રવ્યવહાર કેવો છે? તેને શુભ-ઉપયોગમિશ્રિત સ્વરૂપાચરણ છે તે શુદ્ધાશુદ્ધ–મિશ્રવ્યવહાર છે. સમ્યગ્દર્શન થતાં ચોથા ગુણસ્થાનથી સ્વરૂપાચરણ પ્રગટ્યું તે શુદ્ધતાનો અંશ છે અને ત્યાં હજી શુભરાગ છે તે અશુદ્ધતા છે; એ રીતે તેને શુદ્ધાશુદ્ધરૂપ મિશ્રવ્યવહાર છે.

પ્રશ્ન :—સમ્યગ્દ્રષ્ટિને ચોથા વગેરે ગુણસ્થાને અશુભ ભાવ પણ હોય છે, છતાં અહીં સ્વરૂપાચરણને શુભમિશ્રિત કેમ કહ્યું, અશુભની વાત ક્યાં ગઈ?

ઉત્તર :—સમ્યગ્દ્રષ્ટિને અશુભની પ્રધાનતા નથી, તેને શુભની પ્રધાનતા છે; તેથી અશુભને ગણ્યો નથી. આગમમાં અશુભની પ્રધાનતા મિથ્યાદ્રષ્ટિને જ ગણી છે; સમ્યગ્દ્રષ્ટિને ચોથા–પાંચમા–છટ્ઠા ગુણસ્થાને શુભોપયોગની પ્રધાનતા છે ને સાથે શુદ્ધપરિણતિ પણ હોય છે. માટે તેને શુદ્ધની સાથે શુભનું જ મિશ્રપણું ગણ્યું છે. વળી આમાં એ વાત પણ આવી ગઈ કે સમકિતીને શુભોપયોગ છે તે પણ અશુદ્ધ જ છે, તે કાંઈ ધર્મ નથી.

પ્રશ્ન :—અહીં સાધકના મિશ્રવ્યવહારને શુભોપયોગમિશ્રિત કહ્યો, પરંતુ ઉપર બારમા ગુણસ્થાને તો શુભોપયોગ નથી તો ત્યાં મિશ્રવ્યવહાર કઈ રીતે છે?

ઉત્તર :—ત્યાં શુભોપયોગ નથી એ ખરૂં, પરંતુ હજી જ્ઞાન–દર્શન–વીર્ય–આનંદ વગેરે અપૂર્ણ છે એટલે 'જ્ઞાન' સાથે ઉદયરૂપ અજ્ઞાનભાવ પણ ભેગો છે, એ અપેક્ષાએ ત્યાં પણ મિશ્રવ્યવહાર સમજવો. સિદ્ધાન્તમાં અજ્ઞાનનો ઉદય બારમા ગુણસ્થાન સુધી કહ્યો છે ને અસિદ્ધપણારૂપ ઉદયભાવ ચૌદમા ગુણસ્થાન સુધી છે. જ્યાંસુધી ઉદયભાવ છે ત્યાંસુધી સંસાર છે ને જ્યાંસુધી સંસાર છે ત્યાંસુધી વ્યવહાર છે.

કેવળી ભગવાનને શુદ્ધવ્યવહાર છે તે કેવો છે? કેવળજ્ઞાન સહિત શુદ્ધ

સ્વરૂપાચરણ શુદ્ધવ્યવહાર છે. તેમને હવે સાધકપણું નથી રહ્યું અને હજી સિદ્ધપદ પણ નથી પામ્યા પણ સાધ્યરૂપ પરમ–ઈષ્ટ એવી પરમાત્મદશા તેમને પ્રગટી ગઈ છે. આવા અરિહંતોને શુદ્ધ સ્વરૂપાચરણરૂપ શુદ્ધવ્યવહાર હોય છે.

પ્રશ્ન :—શુદ્ધ સ્વરૂપાચરણ તો સિદ્ધ ભગવાનને પણ છે, તો તેમને પણ શુદ્ધવ્યવહાર કેમ નથી કહેતા?

ઉત્તર :—તેનો ખુલાસો આવી ગયો છે કે અહીં સંસાર-અવસ્થાવાળા જીવોનું જ કથન છે, તેથી સંસાર-અવસ્થા સુધી જ વ્યવહાર ગણ્યો છે. ચૌદમા ગુણસ્થાન સુધી અસિદ્ધત્વ છે તથા કેટલાક ગુણોનું વિભાવ પરિણમન અને કર્મસંયોગ છે તેથી ત્યાં સુધી વ્યવહાર ગણ્યો છે; સિદ્ધદશામાં વિભાવ કે કર્મસંયોગ કોઈ પ્રકારે નથી, તેથી સંસારાતીત એવા સિદ્ધ ભગવાનને વ્યવહારાતીત ગણ્યા છે.

બારમા ગુણસ્થાને પણ યથાખ્યાત ચારિત્ર છે છતાં ત્યાં શુદ્ધવ્યવહાર ન ગણતાં મિશ્રવ્યવહાર કેમ ગણ્યો?–તે સંબંધી ખુલાસો અગાઉ આવી ગયેલ છે.

આ રીતે સંસારી જીવોને સંસાર-અવસ્થારૂપ જે વ્યવહાર છે તેનું સ્વરૂપ ત્રણ પ્રકાર પાડીને સમજાવ્યું. એ રીતે વ્યવહારવિચાર સમાપ્ત થયો. હવે તે જ સંસારીજીવોમાં આગમરૂપ તથા અધ્યાત્મરૂપ ભાવો કયા પ્રકારે છે તેનું સ્વરૂપ કહે છે. *(ક્રમશઃ)*

(અનુસંધાન પેઈજ નંબર ૧૯ થી ચાલુ)

મુનિલિંગની વાત છે, વસ્ત્રવાળા લિંગની તો વાત જ નથી. પંચ મહાવ્રત, ૨૮ મૂળગુણ પાળે પણ ક્રિયામાં જ મગ્ન છે, આત્માનો અનુભવ નથી અને કહે અમે જતી છીએ તો એ તો મૂઢ છે, સાધુ નથી. ભગવાન આત્માને તો દૃષ્ટિમાં લીધો નથી અને રાગની ક્રિયા કરી તેણે કાંઈ કર્યું નથી. છતાં કહે છે જતી છું—સાધુ છું (બાવો નહિ) ૨૪ કલાક માત્ર શુભક્રિયામાં મગ્ન રહે છે પણ અતુલ અખંડ, અનુપમ જ્ઞાનભાવથી તો વિમુખ રહે છે માટે તે મૂઢમતિ છે.

આવા જતીને પહેલાં મિથ્યાદૃષ્ટિ કહ્યાં, હવે મૂઢમતિ કહે છે. लिंगे द्रव्यमये वहन्ति ममतां तत्त्वावबोधच्युताः આવા દ્રવ્યલિંગી તત્ત્વબોધથી તો ચ્યુત છે અને રાગની ક્રિયામાં મગ્ન છે તેને આત્માના આનંદનો બોધ નથી એ મૂઢમતિ છે વગેરે વાત આગળ કહેવાશે.

(ક્રમશઃ)

### શ્રી પુષ્પદંત-કવિકૃત

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

મહારાજ મારિદત્ત! જે સમયે યશોધર મહારાજ આમ વિચારી રહ્યા હતા તે વખતે સંધ્યાનો સમય થઈ ગયો. તે સમયે મહારાજ યશોધરના હૃદયમાં નિજ પ્રિયાને મળવાની ખૂબ લાલસા થવાથી દ્વારપાળને આદેશ આપ્યો કે તું મહારાણીના મહેલમાં જઈને સમાચાર આપ કે મહારાજ આવી રહ્યા છે.

દ્વારપાલ :—મહારાજની જેવી આજ્ઞા. હું હમણાં જ જઈને સમાચાર આપું છું.

આમ કહીને દ્વારપાલે મહારાણીના મહેલમાં જઈને મહારાજના આવવાના સમાચાર આપ્યા. ત્યાંની બધી વ્યવસ્થા ઠીક કરીને પાછો આવ્યો.

દ્વારપાલ :—શ્રી પૃથ્વીનાથ! મહારાણીના સ્વર્ગતુલ્ય મહેલ તરફ પધારો.

આ પ્રકારે દ્વારપાલનું નિવેદન સાંભળીને મહારાજ—હું તત્કાલ જવા માટે તૈયાર થયો. તે સમયે તિમિરનાશક દીપક હાથમાં લઈને એક સેવક આગળ જતો હતો. આ પ્રકારે હું મણિમય શિખરયુક્ત અમૃતાદેવીના મહેલમાં પહોંચ્યો. તે મહેલ ક્યાંક ક્યાંક રત્નો જડેલ ભીંતોથી શોભતો હતો.

રાજન્! જે સમયે યશોધર મહારાજે–મેં તે અતિ સુન્દર મંદિરમાં સાત પ્રકારની ભૂમિને જોઈ તે સમયે મારી બુદ્ધિ એવી કમ્પાયમાન થવા લાગી કે માનો નરકમાં જ પ્રવેશ કર્યો હોય!

પૃથ્વીનાથ! એ સમયે કામના ઉદ્વેગથી વિષસહિત સર્પની જેમ મારા સર્વાંગમાં કમ્પ ઉત્પન્ન થયો અને મને પ્રિયા સુધી પહોંચવું કઠીન થઈ ગયું.

પ્રજાપાલક! પછી હું દ્વારપાળના હાથનું અવલંબન લઈને રાણીના મહેલમાં અંદર પહોંચી ગયો. અંદર પ્રવેશ થતાં જ દૈવે મારી બુદ્ધિનું હરણ કરી લીધું. એ સમયે નિજ પ્રિયાના મુખથી સુગંધિત સ્વાદયુક્ત વચનાલાપ સાંભળીને મેં મારા નાક અને કાનને આનંદિત કર્યું. તેના અતિ ઉત્તમ રૂપનું અવલોકન કરીને નેત્રને તૃપ્ત કર્યા. એ ચંદ્રવદનીના અધરામૃતનાં સ્વાદથી જીભને સંતોષિત કરી અને એ સુકોમળ શરીરના સ્પર્શથી સર્વ અંગ સુખપૂર્ણ કર્યું.

રાજન્! એ સમયનું અવલોકન, સંભાષણ, દાન, આલિંગન, વિશ્વાસ, પ્રિયાનો મેળાપ અને રતિક્રીડા અમૃતાદેવીના સંસર્ગથી જે મને પ્રાપ્ત થયા તે બીજા કોઈને પ્રાપ્ત નહીં થયા હોય.

ન્યાયમૂર્તિ! સમસ્ત ક્રીડાથી નિશ્ચિંત થઈને હું શયનસ્થ થયો. આંખ બંધ કરીને હું તે કમલદલનેત્રા, ચંદ્રવદની, ગજગામિની પ્રિયાનું સ્મરણ કરતો હતો એટલામાં તે પર–પુરુષ આસક્ત મારા બાહુપાશમાંથી નીકળી ધીમે ધીમે ગમન કરવા લાગી. તત્કાલ હું પણ ઊઠીને જોવા લાગ્યો કે આટલી અર્ધરાત્રીમાં તે ક્યાં જાય છે? એવો વિચાર કરીને હાથમાં તલવાર લઈને હું ગુપ્ત રીતિથી તેની પાછળ જઈને જોવ છું કે તે કૂબડાની સામે હાથ જોડીને ઊભી છે.

પૃથ્વીનાથ! એ કૂબડો પુરુષાર્થમાં અનુદ્યમી, સર્વજન નિંદ્ય, મોટા દાંતવાળો, ખૂબ મોટા અને વિષમ હોંઠ, ફાટેલા ખરબચડા અને કઠોર હાથ–પગ, સૂક્ષ્મ અને કઠોર હૃદય, રુક્ષ વાળથી ભયાનક, બીજાના જુતાનું રક્ષણ કરવાવાળો, હાથી–ઘોડાના બચેલા અન્નથી પેટ ભરતો હતો એવા મહાભયાનક કૂબડાએ જેવી અમૃતાદેવીને જોઈ તરત જ વક્રદ્રષ્ટિથી બોલવા લાગ્યો :

કૂબડો :—સદ્ભાવ રહિત દાસી! તેં આટલી વાર કેમ લગાડી? રોજની માફક જલ્દી કેમ ન આવી? ઈત્યાદિ બક બક કરતો ચાબુક હાથમાં લઈને તે અમૃતાદેવીને મારવા લાગ્યો. ત્યારબાદ વાળ પકડીને જમીન પર પછાડીને લાતો મારવા લાગ્યો. એ સમયે કૂબડાના ચરણોમાં નમસ્કાર કરતી અમૃતાદેવી નમ્રભાવથી કહેવા લાગી :

અમૃતાદેવી :—સ્વામી! આજ ઘરકામથી અવકાશ ન મળવાથી થોડું મોડું થઈ ગયું. નાથ! આપ કામદેવ સમાન મારા હૃદયમાં વાસ કરો છો તે કારણે આપના નારાજ થવાથી મારા છત્ર, ચમર, આસન, મહેલ, હાથી, ઘોડા, રથ, પ્યાદા, વસ્ત્ર, આભૂષણ અને સમુદ્રાંત પૃથ્વીનું રાજ્ય–એ બધું જ વ્યર્થ છે.

પ્રાણવલ્લભ! આપના વિના કુંકુમનું વિલેપન, રત્નસુવર્ણજડિત આભૂષણ, ઉત્તમ બહુમૂલ્ય વસ્ત્ર અને મુક્તાહાર–આ બધું જ અગ્નિજ્વાળા સમાન સર્વાંગને બાળે છે. હે વિધાતા! તે આને ઉચ્ચ કુળમાં ઉત્પન્ન કરીને મારો પતિ કેમ ન બનાવ્યો? અને એવું જ કર્યું તો મને જીવિત કેમ રાખી?

પ્રિયવર! આપના વિના જે દિવસ વ્યતીત થાય છે તે એમ લાગે છે કે પૂર્વસંચિત પાપ કર્મનું ફળ આજે ભોગવું છું.

જો કદાચ યશોધર મહારાજ યમપુર પહોંચી જાય તો હું નૃત્ય કરીશ અને ચૈત્રમાસમાં નૈવેદ્યથી કાત્યાયિની દેવીની પૂજા કરીશ.

રાજન્! એ અમૃતાદેવી ઉપરોક્ત પ્રકારે નમ્ર વચનો દ્વારા પોતાના પ્રેમી કૂબડાને સન્તોષિત કરી ગાઢ આલિંગન કરવા લાગી. એ વખતે બન્ને પ્રેમી પ્રેમસાગરમાં નિમગ્ન થઈને ભય અને લજ્જાને એકદમ ભૂલી ગયા.

નૃપવર! એ સમયે એ બંનેની અવસ્થા જોવાથી મારા—યશોધરના ગુસ્સાનો પાર ન

રહ્યો. તત્કાલ ખડ્ગ બહાર કાઢીને બંનેને મારવા ઉદ્યત થયો જ હતો કે તે જ સમયે મનમાં વિચાર આવ્યો કે જે ખડ્ગથી વીરોનો સંહાર કર્યો, જે ખડ્ગથી રાજાઓનો વિનાશ કર્યો, જે ખડ્ગથી મહા ભયંકર સિંહોનો નાશ કર્યો તે જ ખડ્ગથી આ બંનેને કઈ રીતે મારું? જે ખડ્ગથી યોદ્ધાઓને માર્યા તે ખડ્ગથી આવા રંકને કઈ રીતે મારું? ઇત્યાદિરૂપ ચિંતવન કરી મેં ક્ષમારૂપ જળથી ક્રોધાગ્નિને શાંત કરી. ત્યારબાદ તલવારને મ્યાનમાં રાખી જે પ્રકારે આવ્યો હતો તે પ્રકારે ગુપ્તરીતિથી જઈને શય્યા પર સૂતો સૂતો હૃદયવાસિની દુષ્ટાના ચરિત્રનું સ્મરણ કરવા લાગ્યો. કે —હા! ધિક્કાર છે તારી બુદ્ધિને! તને જરા પણ વિચાર ન આવ્યો કે ક્યાં તો મારું ઉચ્ચ ક્ષત્રિય કુળ અને ક્યાં તો આનું રંક કુળ? ક્યાં તો સમુદ્રાંત પૃથ્વીના અધિપતિની પ્રાણવલ્લભા અને ક્યાં તો આ હાથી–ઘોડાઓની બચેલી એંઠમાં આજીવિકા ચલાવીને પેટ ભરવાવાળો દરિદ્રી કૂબડો!

હા! ધિક્કાર! તેં એ પણ વિચાર ન કર્યો કે મારો પતિ રાજાધિરાજ છે અને એક નવયૌવન પુત્ર વિદ્યમાન હોવા છતાં આવા નીચ, દરિદ્રી, ઉચ્છિષ્ટ ભોજી, મલિનગાત્ર, કૂબડાની સાથે કેવી રીતે રમણ કરું છું?

હા! અમૃતા! તારી બુદ્ધિ એકસાથે જ નષ્ટ થઈ ગઈ. તને આ નીચ કૃત્ય કરતા કિંચિત્ પણ લજ્જા ન આવી. જે વૃક્ષની શાખા પર હંસ બેસે છે તે જ વૃક્ષની શાખા પર બગલો પણ બેસે છે!

રાજન્! ઉપરોક્ત વિચાર કરતાં કરતાં યશોધર મહારાજ ગોપવતી, વીરવતી અને રક્તા–એ દુરાચારી સ્ત્રીઓનાં ચરિત્રનું સ્મરણ કરવા લાગ્યા. *(ક્રમશઃ)*

## આત્મધર્મ-વાર્ષિક શુલ્ક

આ ઓગસ્ટ માસથી આપનું આત્મધર્મનું વાર્ષિક લવાજમ પુરું થાય છે. આપ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઇચ્છતા હો તો કૃપા કરી વાર્ષિક લવાજમ રૂા. ૯=૦૦ તાત્કાલિક મોકલશો. જો આપ આજીવન સ્થાયી ગ્રાહક બનવા ઇચ્છતા હો તો રૂા. ૧૦૧=૦૦ મોકલવા વિનંતી.

રૂા. ૧૦,૬૯૨/– શ્રી રૂપાળીબેન તથા અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, હસ્તે પૌત્ર ડૉ. મિલન (મયંક), પૌત્રી વિમલ, પુત્રવધૂ અલિપ્તા તથા જિનબાળ અમરચંદ ડગલી, લંડન તરફથી આ અંકના પ્રકાશનાર્થે સહયોગ મળેલ છે.

*વઢવાણનિવાસી શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર*

*હસ્તે શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી, ઘાટકોપર દ્વારા*

# પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના ૯૯મા મંગલ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી સાનંદ સંપન્ન

[તા. ૩૦-૭-૧૨ સોમવારથી ૩-૮-૧૨ શુક્રવાર]

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં વઢવાણનિવાસી શ્રી રમણિકલાલ લાલચંદ દોશી પરિવાર હસ્તે શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી, ઘાટકોપર દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો ૯૯મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો. મુમુક્ષુ ભાઈ-બહેનોનો આ ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ એવો અનેરો હતો કે ઉત્સવની શરૂઆતથી જ મુમુક્ષુઓનું સુવર્ણપુરીમાં આગમન શરૂ થઈ ગયું હતું. ઉત્સવના અગાઉના દિવસોથી જ ઘણા મુમુક્ષુઓ સુવર્ણપુરી આવી ગયા હતા.

મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણીથી ગુંજી ઉઠી અને ભક્તોથી આખો મંડપ ભરાઈ ગયો, તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો.

## * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાનો લાભ દરરોજ સવારે મુમુક્ષુઓને પ્રાપ્ત થતો હતો. આ તત્ત્વચર્ચાથી વિવિધ પ્રાંતોમાંથી આવેલા મુમુક્ષુઓ અત્યંત પ્રસન્ન જણાતા હતા.

**શ્રી ચૌસઠઋદ્ધિ વિધાન પૂજા** :—આ પૂજન વિધાન માટે આયોજકો દ્વારા પરમાગમ મંદિરમાં એક આકર્ષક મંડલ તૈયાર કરવામાં આવ્યું હતું જે મુમુક્ષુઓને અત્યંત દર્શનીય લાગ્યું હતું. પાંચ દિવસ ચાલેલા આ વિધાન પૂજનનો પંદરસોથી પણ અધિક મુમુક્ષુઓએ અત્યંત ઉત્સાહ તેમજ ભક્તિપૂર્વક લાભ પ્રાપ્ત કર્યો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણકારી પ્રવચનો** :—મહોત્સવના પાંચે દિવસ સવારે શ્રી સમયસાર કળશટીકા તથા રાત્રે પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં નિજાત્મહિતકારી સીડી પ્રવચનો થયાં, જેનો મુમુક્ષુઓએ અત્યંત ભક્તિભાવ તેમ જ ઉલ્લાસથી ભરપૂર લાભ લીધો.

**ધાર્મિક શિક્ષણવર્ગો** :— બા.બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ) આ સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત હતા. ભક્તિની સાથે સાથે મુમુક્ષુઓને તત્ત્વજ્ઞાનના અભ્યાસનો પણ લાભ મળે તે હેતુથી શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) બાર ભાવના તથા શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ) દ્વારા શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર શિક્ષણ આપવામાં આવ્યું હતું. તથા શ્રી રાજુભાઈ કામદાર દ્વારા 'બહેનશ્રીના આત્મ-સાધનાપ્રેરક પત્રો' ઉપર શિક્ષણવર્ગ ચલાવવામાં આવ્યો હતો જે સર્વેમાં મુમુક્ષુઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**વિદ્વાનો દ્વારા શાસ્ત્ર વાંચન** :—બપોરે ડૉ. પ્રવીણભાઈ દોશી (રાજકોટ), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી વિરાટભાઈ વોરા (અમદાવાદ), શ્રી નિરંજનભાઈ ડેલીવાળા (સુરત) તથા શ્રી અતુલભાઈ કામદાર (હૈદરાબાદ) દ્વારા તલસ્પર્શી ભક્તિસભર ભાવવાહી પ્રવચનો થયાં હતાં.

**સાંજી ભક્તિ** :—ઉત્સવના દિવસોમાં આયોજક શ્રી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશીના પરિવારજનો તથા અન્ય પરિવારોના સૌજન્યથી સાંજીભક્તિનો ભવ્ય કાર્યક્રમ થયો હતો.

**સાંસ્કૃતિક કાર્યક્રમો** :—આ મહોત્સવમાં આયોજક શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશીના પરિવારજનો દ્વારા આયોજિત યુવક અને બાળકો દ્વારા વૈરાગ્ય તથા બોધપ્રેરક નાટિકાઓ, ભક્તિનૃત્ય, ક્વીઝ, સંવાદ આદિ સાંસ્કૃતિક કાર્યક્રમ રોચક શૈલીથી પ્રદર્શિત કરવામાં આવ્યા હતા, જે મુમુક્ષુઓને ઘણા પસંદ આવ્યા હતા.

**વિશેષ** :—આ મહોત્સવ દરમ્યાન 'બહેનશ્રીના આત્મ-સાધનાપ્રેરક પત્રો' પુસ્તક ગુજરાતી તથા હિંદીમાં તથા તેની **Vedio DVD** ગુજરાતી અને હિંદીના વિમોચનનો સુંદર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આ ઉત્સવ દરમ્યાન વચનામૃત વર્ષના પરિક્ષાર્થીઓને વાર્ષિક ઈનામ વિતરણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

## ✻ ભવ્ય રથયાત્રા ✻

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની ભવ્યાતિભવ્ય રથયાત્રાનું આયોજન થયું હતું. શ્રીજીના મંગળ રથ સાથે વિવિધ બગીઓ અને પારણા ઝુલનના ભવ્ય ફ્લોટ સાથેની આ રથયાત્રામાં આબાલ વૃદ્ધ-ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં. રથયાત્રામાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ઠેર ઠેર મુમુક્ષુઓ પોતાના વહાલા ભાવિ ભગવાનનું સ્વાગત કરી આરતી ઉતારતા હતા.

આ રથયાત્રામાં શ્રીજીને રથમાં બિરાજમાન કરવાનો લાભ શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર પરિવાર, રાજકોટ તથા સારથી બનવાનો લાભ શ્રીમતી ધીરજબેન બાબુલાલ શાહ પરિવાર હસ્તે અનિલભાઈ તથા જિનેન્દ્રભાઈને મળ્યો હતો. તથા પૂજ્ય માતાજીના પારણા ઝુલનના ફ્લોટનો લાભ શ્રીમતી પ્રવીણાબેન કાંતિલાલ કામદાર પરિવાર હસ્તે ભરતભાઈ કામદાર, ચૈન્નઈને મળ્યો હતો.

## ✻ જન્મ મહોત્સવ શ્રાવણ વદી–૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ ✻

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના મહામંગલકારી જન્મોત્સવના મુખ્ય દિવસ શ્રાવણ વદી-૨ની વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુ દર્શન, તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી કાર્યક્રમનો શુભારંભ થયો. શ્રી ચૌસઠઋદ્ધિ વિધાન પૂજાની પૂર્ણાહુતી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના મહામંગળકારી પ્રવચનનો લાભ મળ્યો. ત્યારબાદ ભગવતી માતાની મંગલ જન્મવધાઈનો કાર્યક્રમ શરૂ થયો ને પછી તો ભક્તોમાં માતાજીને વધાવવા માટે જાણે કે પડાપડી થવા લાગી. ભક્તોનો ઉત્સાહ જાણે કે માતો જ નહોતો. ઉત્સવના દરેક કાર્યક્રમોમાં મુમુક્ષુભાઈ-બહેનો અત્યંત ઉલ્લાસથી ભાગ લેતા હતા. દરેક કાર્યક્રમોમાં મંદિર તેમજ મંડપ મુમુક્ષુઓથી પૂરાં ભરાઈ જતાં હતાં.

આ મહોત્સવનો લાભ લાભ લેવા માટે ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી, કલકત્તા, હૈદરાબાદ, બેંગલોર, મદ્રાસ તથા વિદેશોથી ૨૦૦૦થી પણ અધિક મુમુક્ષુઓ પધાર્યા હતા.

આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાન પૂજા ૧૧૬ મહાનુભાવો તથા પ્રાસંગિક મંડલવિધાન પૂજા ૩ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત પૂજ્ય બહેનશ્રી જન્મોત્સવના પાંચે દિવસ મહેમાનો તથા સ્થાનિક મુમુક્ષુમંડળ માટે ભોજન (સ્વામિવાત્સલ્ય) જન્મોત્સવ આયોજક શ્રીમતી સ્મિતાબેન નરેન્દ્રભાઈ બાવીશી તરફથી તથા કાયમી જમણ ૧૩ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને કુલ ૫,૭૪,૧૬૦=૦૦ દાનરાશિ પ્રાપ્ત થઈ.

| | | |
|---|---|---|
| (૧) | ૯૯ના અંકમાં ૯૯ × ૧૫૧૦ | ૧,૪૯,૪૯૦=૦૦ |
| (૨) | પ્રાસંગિક વિધાન પૂજા ૧૦૦૧ × ૩ | ૩,૦૦૩=૦૦ |
| (૩) | રથયાત્રાની બોલી | ૧,૭૬,૦૦૯=૦૦ |
| (૪) | રૂા. ૧૦૦૦ની વધાઈના ૧૦૦૦ × ૩ | ૩,૦૦૦=૦૦ |
| (૫) | રૂા. ૫૦૦ની વધાઈના ૫૦૦ × ૨૯૬ | ૧,૪૮,૦૦૦=૦૦ |
| (૬) | શ્રી જિનેન્દ્ર આરતી | ૭,૫૧૮=૦૦ |
| (૭) | રથયાત્રા, પારણાઝૂલન અને જન્મવધાઈ સ્ટેજ પર | ૮૭,૧૪૦=૦૦ |
| | કુલ | ૫,૭૪,૧૬૦=૦૦ |

મહોત્સવ ઉજવવાનો આયોજકોનો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો. આયોજકો દ્વારા મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી સમયસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |

બપોરે ૪-૩૦ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન

❀ **દશલક્ષણપર્યુષણપર્વ :**–દ્વિતીય ભાદરવા સુદ ૪, બુધવાર તા. ૧૯-૯-૨૦૧૨થી ભાદરવા સુદ ૧૪, શુક્રવાર, તા. ૨૮-૯-૨૦૧૨ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ શ્રી દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એ જ રીતે તા. ૨૭-૯-૨૦૧૨, ગુરુવારથી તા. ૨૯-૯-૨૦૧૨, શનિવાર સુધી ત્રણ દિવસ ‘રત્નત્રયધર્મ’ પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ :**–ભાદરવા વદ ૧, રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :–

શિવપુરીનિવાસી શ્રીમતી દખ્ખોબાઈ મુરારીલાલજી જૈન તા. ૭-૬-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

વિંછીયાનિવાસી (હાલ-દાદર) વસુમતિબેન વીરચંદભાઈ અજમેરા (વર્ષ-૭૫) તા.૧૦-૬-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

અમરેલીનિવાસી (હાલ-વિશાખાપટ્ટનમ) શ્રી શશીકાંત મૂળજીભાઈ ખારા (વર્ષ-૮૨) તા. ૧૩-૬-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. છેલ્લા ૭૦ વર્ષથી તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીનો ખૂબ લાભ લેતા હતા. અમરેલી જિનમંદિરની સ્થાપનામાં તેઓ અગ્રણી હતા. તેમને તત્ત્વનો ઘણો અભ્યાસ તેમજ રસ હતો. વિશાખાપટ્ટનમમાં ગૃહ-ચૈત્યાલયની સ્થાપના કરી હતી. તેમના કારણે તેમના પરિવારને તત્ત્વરસ જાગ્રત થયો હતો.

સિરસાગંજનિવાસી શ્રી કૈલાસચંદજી પોદ્દાર તા. ૨૧-૬-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી (હાલ-મુલુંડ) જુક્તાબેન વેલજી લખમશી શાહ (વર્ષ-૭૫) તા. ૧૯-૫-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લખતરનિવાસી (હાલ-દાદર) પ્રભાબેન રમણિકલાલ શિવલાલ દોશી (વર્ષ-૮૪) તા. ૨૨-૭-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ વારંવાર સોનગઢ રહીને તત્ત્વનો લાભ લેતા હતા.

સોનગઢનિવાસી (હાલ-મુંબઈ) ચંદનબેન મનસુખલાલ જોબાળિયા (વર્ષ-૯૧) તા. ૯-૭-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં સોનગઢ સ્થાયી રહીને ઘણો લાભ લીધો હતો. ત્યારબાદ વારંવાર સોનગઢ આવીને તત્ત્વનો ઘણો લાભ લેતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકામાં તો વ્યવહાર આદરવારૂપ પ્રયોજનવાન છે ને?—ના, સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકામાં વ્યવહાર કેવો હોય છે તે જાણવા પૂરતો પ્રયોજનવાન છે. સમ્યગ્દર્શન પહેલાં કેવા નિમિત્ત હોય છે તેટલું જાણવા પૂરતો વ્યવહારનો ઉપદેશ કાર્યકારી છે. જેમનાથી યથાર્થ ઉપદેશ મળે એટલે કે જેમના ઉપદેશમાં એકરૂપ શુદ્ધ જ્ઞાયકભાવનું લક્ષ કરાવવામાં આવે, વીતરાગતાની પુષ્ટિ કરાવવામાં આવે એવા જિનવચનોનું સાંભળવું, ધારણ કરવું તથા તેવા ઉપદેશના પ્રણેતા પ્રતિ ભક્તિ–વંદન આદિ વ્યવહારમાર્ગમાં પ્રવર્તવું પ્રયોજનવાન છે એટલે કે સમ્યગ્દર્શન પહેલાંની જિજ્ઞાસુની ભૂમિકામાં યથાર્થ ઉપદેશનું ગ્રહણ, મનન, ચિંતવન તથા દેવ–શાસ્ત્ર–ગુરુ પ્રત્યે ભક્તિ–પૂજા, વિનય–વંદન આદિનો વ્યવહાર હોય છે, તેની ભૂમિકામાં આવું પ્રવર્તન હોય છે તેમ દર્શાવવા તેને વ્યવહાર કહ્યો છે. ખરેખર તો નિશ્ચય સમ્યગ્દર્શન પહેલાં વ્યવહાર કહેવાય પણ નહીં. સમ્યગ્દર્શન પહેલાં કેવા ભાવો હોય છે તેની વાત છે, પરંતુ તેનાથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી. ૬૧૮.

❀ પરલક્ષી એક સમયકી જ્ઞાનપર્યાય છ દ્રવ્યકે અનંતા પદાર્થોકો સ્વતંત્રપણે સ્વીકાર કરતી હૈ, ભિન્ન ભિન્ન સ્વીકારતી હૈ ફિર ભી અગ્રહિત મિથ્યાત્વ છૂટા નહીં હૈ, ક્યોંકી રાગમેં સ્વામિત્વપના પડા હૈ, મૈં સારા વિકારી હું ઐસે માનતે હૈ ઈસલિએ મિથ્યાત્વ હૈ. ૬૨૦.

❀ પર જીવને મારવામાં હિંસા કેમ થાય છે?–કે તેનું કારણ એ છે કે બીજાને મારતાં તેને દુઃખ થશે તેવા પોતાના જ્ઞાનનો જ ખરેખર તો તે અનાદર કરી રહ્યો છે. તેને દુઃખ થાય છે ઈ મારે જાણવું નથી એટલે કે મારા જ્ઞાનને આવરણ થઈ જાવ. બસ, આ પોતાના જ્ઞાનનો અનાદર થયો, એ જ આત્માની હિંસા છે. ૬૨૧.

❀ શ્રોતા :—આમાં અમારી શું ભૂલ છે પ્રભુ કહોને?

પૂજ્ય ગુરુદેવ :—સ્વસન્મુખની રુચિ જ કરી નથી. પરસન્મુખમાંથી લાભ થશે એવું શલ્ય ઊંડે ઊંડે રહી જાય છે. સમવસરણમાં ગયો પણ ભાઈ! તેં તારી સેવા ન કરી. મહાજન મા–બાપ સાચા પણ મારી ખીલી નહિ ખસે....એ દૃષ્ટાંતની જેમ. ૬૨૨.

આત્મધર્મ
ઓગસ્ટ-૨૦૧૨
અંક-૧૨ ✱ વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ❀ ....એ નજર જ આંધળી છે! ❀

આ પૈસાવાળાઓને ધંધામાં જ નજર કામ કર્યા કરે છે. જ્યાં આત્માનું ધન છે ત્યાં નજર જતી નથી અને જ્યાં નથી ત્યાં નજર કામ કર્યા કરે છે. એ નજર જ આંધળી છે. ભગવાન આત્મા તો અનંત અનંત જ્ઞાન-આનંદની શક્તિનો સમુદાય છે. એક એક શક્તિમાં અનંતતા છે. જ્ઞાન, દર્શન, આનંદ, પ્રભુત્વ, સ્વચ્છત્વ એ બધા સ્વભાવ છે તે શક્તિ છે. સ્વભાવ સદા અનંત જ હોય, અપરિમિત હોય, મર્યાદાવાળો ન હોઈ શકે. જેણે રાગની રુચિ છોડીને, વિભાવથી ગુંલાટ ખાતાં, દ્રવ્યને પકડ્યું તેણે લેવાયોગ્ય બધું લઈ લીધું. જેનાથી કેવળજ્ઞાનની ધારા પ્રગટશે એવા આત્માને તેણે દૃષ્ટિમાં પકડી લીધો અને છોડવાયોગ્ય બધું છોડી દીધું. પર્યાયબુદ્ધિ અને રાગબુદ્ધિ છૂટી ગઈ.

–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**